સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગને
રાહતો આપવા અંગે....

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-સશપ/૧૦૮૬/૧૩૪૧(૮૭)/અ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- 11 NOV 1987

વંચાણે લીધા:-(૧) શિક્ષણ અને મજૂર વિભાગનો ઠરાવ ક્રમાંક:-એમબીસી/૧૫૭૨/૬૭૫૦૮/જ. તા. ૮-૮-'૭૨.

(૨) મજૂર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:-બીસીઆર/૧૦૭૮/૧૩૦૩૪/છ. તા. ૧-૪-૭૮.

(૩) નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક:-સક/બક/જાતિ પ્ર. ૮૬/૨૪૦ તા. ૨-૫-૮૬.

ઠરાવ:-

રાજયમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ સિવાયના બીજા અમુક વર્ગો વિભાગો અથવા જુથોના લોકોના સામાજિક તથા શૈક્ષણિક પછાતપણાના પ્રશ્નોનો અભ્યાસ કરી તે અંગે તપાસ કરવા માટે આમુખ ક્રમાંક(૧)માં દર્શાવેલ તા. ૮-૮-૭૨ના ઠરાવથી ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત જજ શ્રી એ. આર. બક્ષીના અધ્યક્ષપદ હેઠળ એક પંચની રચના કરવામાં આવી હતી. પંચે વિચારવાના મુદ્દામાં સ્પષ્ટ દર્શાવેલ છે કે ''કમિશન'' રાજયમાં લોકો, જ્ઞાતિઓ, જાતિઓ આદિજાતિઓ અથવા જ્ઞાતિઓ કે જાતિઓ કે આદિજાતિઓમાંના ભાગો કે જૂથોની સામાજિક શૈક્ષણિક અને અન્ય સંબંધિત પરિસ્થિતિ અંગે તપાસ કરશે''. આ બાબત ધ્યાનમાં લઈ પંચે ગુજરાત રાજયની જ્ઞાતિઓ/વર્ગો/જૂથોનો અભ્યાસ કરી તેમને આપવાના લાભો અંગેની ભલામણ કરતો અહેવાલ સરકારને સુપ્રત કર્યો હતો અને સરકારશ્રીએ પંચની તમામ ભલામણોનો સ્વિકાર કરેલ છે અને તેનો અમલ તા. ૧-૪-૭૮ થી શરુ કરવામાં આવ્યો છે.

..૨....

૨. પંચે ભલામણ ~~કરી~~ કરેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત .... જાતિઓ/વર્ગો/જૂથો જેવા જ નામો વાળી ગુજરાત રાજ્ય સિવાયના અન્ય રાજ્યની કેટલીક વ્યક્તિઓ આ લાભો મેળવે છે, તેવુ ધ્યાન પર આવેલ છે. ગુજરાતની જાતિઓની સમકક્ષ અન્ય રાજ્યની જાતિઓ તેવી જ હોય તો પણ સામાજીક, ધાર્મીક વ્યવહારીક તેમજ અન્ય તમામ પાસાઓમાં રીતરિવાજોથી પણ અલગ પડે તેથી માત્ર જાતિનું નામ એક હોવાથી અન્ય રાજ્યની જાતિને ગુજરાતની યોજનાઓનો લાભ આપી ~~આપી~~ શકાય નહીં. આથી સરકાર આ અંગે પુખ્ત વિચારણાને અંતે ફક્ત ગુજરાત રાજ્યના મૂળવતની હોય તેવા બક્ષીપંચે કરેલ ભલામણ મુજબનાં વર્ગો/જાતિઓ/જૂથોને જ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તરીકે માન્ય રાખી બક્ષીપંચે કરેલ ભલામણોનાં લાભો માત્ર ગુજરાત રાજ્યનાં મૂળ વતની હોય તેને જ મળવાપાત્ર છે તેમ ઠરાવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ન. કૃષ્ણસ્વામી )
નાયબ સચિવ.
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.

મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,

સામાન્ય વહીવટ વિભાગ,
નાણાં વિભાગ,
શિક્ષણ વિભાગ,
સચિવાલયના અન્ય વિભાગો,
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
નિવાસી ઓડીટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
~~સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ તથા પંચના માજી અધ્યક્ષશ્રી અને~~ સભ્યશ્રીઓ.
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.